RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં.૪૫૮ તા.૧૨–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન )

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૦૫–૧૧–૧૧ની અરજીથી આઈમાતા રોડ પર આવેલ વિજયનગર વિ.–૨ના પ્લોટ નં.૪૯૫–૯૮ પર તૈયાર થયેલ બાંધકામ બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે આવેલ સોનલ ગોલ્ડ પેલેસ (યશોદા કલીનીક) વાળી મિલકતના ત્રીજા માળના બાંધકામનું ડીમોલેશન આપના વિભાગે કઈ તારીખે તથા કયા કયા અધિકારીની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું તેની અધિકારીના નામ, હોદ્દા સહિતની વિગતવાર માહિતી આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૫૮/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૦૫–૧૧–૧૧ની અરજીથી આઈમાતા રોડ પર આવેલ વિજયનગર વિ.–૨ના પ્લોટ નં.૪૯૫–૯૮ પર તૈયાર થયેલ બાંધકામ બાબતે મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે આવેલ સોનલ ગોલ્ડ પેલેસ(યશોદા કલીનીક) વાળી મિલકતના ત્રીજા માળના બાંધકામનું ડીમોલેશન આપના વિભાગે કઈ તારીખે તથા કયા કયા અધિકારી ની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું તેની અધિકારીના નામ, હોદ્દા સહિતની વિગતવાર માહિતી આપશો વિ.મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૭૮ તા.૧૯–૧૨–૧૧ થી** એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૮૨ તા.૦૯–૦૧–૧૨ થી પૂરક વિગતોમાંનોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૩૮ તા.૦૮–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૩૩ તા.૨૩–૧૨–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૦૫–૧૧–૧૧ ની અરજીથી આઈમાતા રોડ પર આવેલ વિજયનગર વિ.–૨ના પ્લોટ નં. ૪૯૫–૯૮ પર તૈયાર થયેલ બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૩૮ તા.૦૮–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય મર્યાદામાં માહિતી મળેલ નથી તેવું જણાવી તા.૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૩૩ તા.૨૩–૧૨–૧૧ થી નિયત સમય અવધિ બાદ અપીલ તબકકે માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે આવેલ સોનલ ગોલ્ડ પેલેસ(યશોદા કલીનીક) વાળી મિલકતના ત્રીજા માળના બાંધકામનું ડીમોલેશન આપના વિભાગે કઈ તારીખે તથા કયા કયા

અધિકારીની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું તેની અધિકારીના નામ, હોદ્દા સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૮–૦૯–૧૦ (૧) જુની. ઈજનેરશ્રી એમ. જે. માજરાવાલા (૨) ડે.ઈજનેર શ્રી બી.જી. ગાંધી (૩) કાર્યપાલક ઈજનેર શ્રી ડી. એમ. જરીવાલા. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ડીમોલીશન કર્યા બાદ આપના વિભાગે મિલ્કતધારક પાસેથી વસુલ કરેલ વહીવટી ચાર્જની નકલ સહિતની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીરૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે તેની નકલ મેળવવા માટે રૂા.૨/– વરાછાઝોન કચેરીએ જમા કર્યેથી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ડીમોલીશન થયેલ માળનું બાંધકામ ફરીથી થયું તો તે માટે આપના વિભાગ તરફથી આપવામાં આવેલ પરમીશન પત્રની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બાંધકામની મંજુરી વરાછાઝોન કક્ષાએ આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) આ મિલ્કત જે વિસ્તારમાં છે તે વિસ્તાર આપના વિભાગના કયા ડે. તથા જુ. ઈજનેરના કાર્યક્ષેત્રમાં આવે છે તેની વિગતો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી (૧) જુની.ઈજનેર શ્રી એમ. જે. માંજરાવાલા (૨) ડે.ઈજનેર શ્રી ડી.વી. રોહિત. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) અગાઉ આપના વિભાગ ધ્વારા આ મિલ્કતનું થયેલ ડીમોલીશન બાદ અત્યાર સુધીમાં આપના વિભાગના કયા કયા અધિકારી/કર્મચારી આ મિલ્કતની મુલાકાત લીધેલી છે તથા આ મુલાકાત કઈ તારીખે લીધેલ છે તથા મુલાકાત દરમ્યાન તેઓએ તૈયાર કરેલ રીપોર્ટની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપરની માહિતી આપવાની રહે છે. તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. પરંતુ મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમય અવધિ બાદ અરજદારને આરટીઆઈ કાયદાના નિયમ–૫ (૨) તથા કલમ–૭(૫) ને અનુસર્યા વિના રૂા.૨/– ફી ભરવા માટે જણાવેલ છે જે કાયદાની જોગવાઈ સાથે સુસંગત નથી. તેવી જ રીતે મુદ્દા નં.૫ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા રેકર્ડ પરની માહિતી આપવાની રહે છે એવું જણાવેલ છે. પરંતુ અરજદારને માંગેલ માહિતી " કયા કયા અધિકારી/કર્મચારીઓ મિલ્કતની મુલાકાત લીધી અને મુલાકાત દરમ્યાન કરેલ રીપોર્ટની નકલ" માંગેલ છે. આ પ્રકારની મુલાકાતની નોંધ સામાન્ય રીતે ફેરણી કરતા અધિકારીની રોજનીશી અથવા કચેરી વાહન વાપરતા અધિકારીના કિસ્સામાં વાહન વપરાશ નોંધપોથીમાં હોય જ. જો મુલાકાત લીધેલ હોય તો તે પ્રકારની દફતરી વિગતે આપવા પાત્ર થાય અન્યથા મુલાકાત નહીં લીધાની હકીકત જણાવવી રહે. આરટીઆઈ કાયદાના આમુખ ધ્વારા જવાબદારી નકકી કરવાનું અને પારદર્શીતા લાવવાના ઉદ્દેશો ચરિતાર્થ કરવા માટે પણ તે આવશ્યક બની રહે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૫–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પાડેલ મુદ્દા નં.૨ અને ૫ ની માહિતી ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ